રેગ્યુલર સિવિલ સુટ ન. ૧૦૭/૧૯

<u>આંક ૫ની અરજી લગત હુકમ</u>

(૧)હાલની આંક ૫ની અરજી વંચાણે લીધી. દાવા અરજી, પ્રતિવાદીપક્ષ તરફે રજુ લેખિત જવાબ અને કાઉન્ટર કલેઈમ, પ્રતિદાવાનો વાદી તરફેનો જવાબ,વાદીનું કાઉન્ટર એફીડેવિટ અને કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ ધ્યાન પર લીધું. વાદીપક્ષે રજુ લેખિત દલીલ ધ્યાને લીધી, પ્રતિવાદીપક્ષ તરફે વી.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળી.

(૨)હાલનો દાવો લાવી વાદીપક્ષે દાવાઅરજીના પેરા ૧૩ મુજબની દબાણ દુર કરવાની આદેશાત્મક હુકમની, વિજ્ઞાપનની અને કાયમી મનાઈ હુકમની દાદ માંગેલ છે, અને દાવો ચાલતા સુધી હાલની અરજીના પેરા ૧૧ મુજબ નીચે મુજબની દાદ માંગેલ છે....

> *"આ કામના પ્રતિવાદી કે તેના કુટુંબીજનો દાવાવાળી અનુસુચિ 'અ'વાળી દક્ષિણ દિશાએ પુલીયાવાળી જગ્યાનો રસ્તા તરીકે ઉપયોગ કરે નહી તેમજ પોતાના બોરમાંથી વાદીની જગ્યામાં કુવામાં પાણી ઠાલવે નહી તથા વાદીને ફેન્સિંગની કામગીરી કરતા અડચણ, અટકાયત, અવરોધ કરે નહિ કે કરાવે નહિ તેમજ વાદીની ઉતર દિશાએ દબાણ દુર કરે તેવો દાવો ચાલતા સુધી વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે."*

(૩)પ્રતિવાદીપક્ષ તરફે વાદીનાં દાવાનો વિસ્તૃત લેખિત જવાબ રજુ રાખેલ છે જેમાં વાદીની દાવા અરજી અને આંક ૫ની અરજી રદ થવા પાત્ર હોવાનું જણાવેલ છે અને સાથોસાથ કાઉન્ટર કલેઈમ રજુ રાખી વિજ્ઞાપનની દાદ માંગેલ છે.

(૪)બન્નેપક્ષે રજુ હકીકતે વાદગ્રસ્ત જગ્યાનું અને વાદી તથા પ્રતિવાદીની ખેતીની જગ્યાનું કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા વિસ્તૃત પંચનામું અને રફસ્કેચ કરવામાં આવેલ છે જેની વિગતે વાદી અને પ્રતિવાદીની ખેતીની જમીનમાં કુવો અને બોર આવેલ હોવાનો ઉલ્લેખ છે. આ પંચનામા અને રફ સ્કેચમાં વાદગ્રસ્ત 'પુલિયા વાળા' રસ્તા બાબતે સંદીગ્ધ્તા પ્રવર્તે છે અને તે રસ્તો કે અન્ય કોઈ પણ રસ્તાની તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે બ્ન્નેપક્ષે પુરાવા રજુ થવા આવશ્યક જણાય છે, તેથી રસ્તા બાબતની વચગાળાની દાદ પરત્વે કોઈ પણ હુકમ કરવાનું હાલ પુરતું ઉચિત જણાતું નથી.

(૫)પરંતુ બનેપક્ષે રજુ પ્લીડીંગની વિગતે, બંનેપક્ષકારો તે કુવા અને બોરમાંથી પાણીનો વપરાશ કરી રહેલ છે, વાદીપક્ષની રજૂઆત અનુસાર વાદીની માલિકીની અનુસૂચી 'અ' વાળી જગ્યામાં આવેલ પાણીની પાઈપલાઈન દુર કરવા માટે વાદી અધિકૃત હોવાનું ઠરાવી આપવા મુખ્ય દાવા અરજીમાં અરજ કરેલ છે, સામાપક્ષે પ્રતિવાદીપક્ષ તરફે તેઓ પોતાના બોરનું પાણી સંયુક્ત કુવામાં નાખીને પિયત કરતા હોવાનું જણાવેલ છે અને પ્રતિવાદીએ વાદીની અનુસૂચી 'અ' વાળી જમીનનાં અગાઉનાં માલિક સાથે આ અનુસૂચી 'અ'ની જમીનમાં પાણી લઇ જવા માટે પાઈપલાઈન નાખેલ અને તે ચાલુ રાખવા માટે સમજુતી કરેલ હતી, જે સમજુતીની વિગતે પાઈપલાઈન નાખેલ હોય તેમ જણાવેલ છે. તેવા સંજોગોમાં વાદગ્રસ્ત જગ્યા- વાદી તથા પ્રતિવાદીની ખેતીની જમીનમાં પિયત થવા માટે ની.૩/૧ની વીગતે સંયુક્ત કુવા અને બોરનું પાણી વાપરવા માટે માર્ક ૭/૧ અને માર્ક ૭/૨ની વિગતે દાવો ચાલતા સુધી યથાવત પરિસ્થિતિ મુજબ કુવા તથા બોરનું પાણી વાપર ઉપભોગ કરે તો બંને પક્ષકારોને બાયસ કે પ્રિજ્યુંડાઇસ થવાની સંભાવના નહીવત જણાશે, અને તે રીતે બન્નેપક્ષકારોના કેસની પ્રથમદર્શનીયતા અને સગવડની સમતુલા જળવાશે. વળી, યથાવત પરિસ્થિતિનો હુકમ કરવામાં આવતા, અન્ન-ઉત્પાદનની સામાજિક અને આર્થિક જરૂરિયાત ને લગતી પ્રવૃત્તિમાં પણ અવરોધ થતો અટકાવી શકાય તેવા શુભ આશયથી હાલના કામે કેસના ગુણદોષ વિચારણામાં લેતા પહેલા અને પક્ષકારોનાં

પ્લીડીન્ગની સચ્ચાઈ બાબતે પુરાવા રજુ થતા પહેલા, નીચે મુજબનો હુકમ કરવાનું ઉચિત માનું છું.

<u>આખરી હુકમ</u>

આથી હાલના કામે વાદી અને પ્રતિવાદીની ખેતીની જમીનમાં ખેતીની સિંચાઈ માટે પાણીની જરૂરિયાત સંતોષવા માટે માર્ક ૩/૧નાં દસ્તાવેજમાં અને માર્ક ૧૫/૫નાં સમજુતી લખાણમાં કરેલ ઉલ્લેખ મુજબ અને દાવો દાખલ કર્યા તારીખે પાણીનાં વપરાશ માટે વાદી, પ્રતિવાદી અને અન્ય ત્રાહિત રસિકકુમાર કે અન્ય કોઈ નજીકનાં ખેતરના વપરાશકર્તા જે રીતે પાણીનાં વારા પ્રમાણે પાણી લેતા હોય, અને પાણીનો વાપર ઉપભોગ કરતા હોય તે રીતે સંયુક્ત કુવા અને બોરમાંથી પાણી લેવું અને વાપરવું અને તે મુજબ યથાવત પરિસ્થિતિ દાવો ચાલતા સુધી જાળવી રાખવી.

હુકમ આજરોજ તા.૪થી ડીસેમ્બર સને ૨૦૨૧નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

(મિસ ભારતી કનુભાઈ જાદવ)

૭મા એડીશનલ સિનીયર સિવિલ જજ

જામનગર કોડ જીજે૦૦૯૮૫